ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૪ મે, ૨૦૨૬

### પરફોર્મેટિવ પૉલિટિક્સ

# રાજકારણ હવે માત્ર શાસન નહીં, વાયરલ થવાની કળા પણ



બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

ગયા અઠવાડિયે મૅલૉડી ચૉકલેટ ચર્ચાઈ ગઈ, લોકોને બાળપણ યાદ આવ્યું તો ખોટી પારલે કંપનીના શૅરના ભાવ વધી ગયા. કારણ એટલું જ કે વડાપ્રધાન મોદીએ ઈટાલીના વડાંને મૅલૉડી ચૉકલેટ ભેટ આપી અને રીલ બનાવી. વાયરલ થતાં રાજકારણીઓ નવી પેઢીમાં હોટ ફેવરીટ છે. સારું કે ખોટું એ તો અત્યારે કહેવા કરતાં યાદ કરીએ એ સમય જ્યારે રાજકારણીઓનું ફોકસ એક સારું ભાષણ અને નક્કર ડીલ્સ કે વાટા-ઘાટોની વાત કરવા પર રહેતું. હવે રાજકારણીઓની આસપાસ સીન ગોઠવી આપતા ડિરેક્ટર્સ અને સોશ્યલ મીડિયા એક્સપટ્ર્સ છે. ભાષણનો હેતુ લોકો સુધી વાત પહોંચાડવાનો હતો અને સીન ગોઠવનારા રાજકારણીઓનો હેતુ વાયરલ થવાનો, ક્લિપ શૅર કેટલી વાર થઈ, સાત સેકન્ડના લૂપમાં લોકોએ તેમને કેટલા યાદ રાખ્યા એ બની ગયો છે. આ બે બાબતો વચ્ચેનો ભેદ સત્તાના દેખાડાના રાજકારણને સમજવા માટે પૂરતો છે.

વાત માત્ર રાજકારણની સ્ટાઈલ બદલાઈ તેની નથી, રાજકારણનું બંધારણ પણ મૂળભૂત પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. પરિવર્તન એ નથી કે નેતાઓ નાટકીય બન્યા છે, બદલાવ એ છે કે નાટક જ રાજકારણ બની ગયું છે. પરફોર્મેટિવ પૉલિટિક્સ એક મજાનો શબ્દ છે. ઑપ્ટિક્સ હવે શાસનનો પૂરક ભાગ નથી, એ નેતાઓ માટે શાસનની મુખ્ય ક્રિયા બની ગઈ છે. આધુનિક રાજકારણ મનોરંજન સાથે સ્પર્ધામાં ઉતર્યું છે અને તે મનોરંજનના સાધનોનો ઉપયોગ કરીને જ આ ખેલ ખેલે છે.

સત્તાની જૂની વ્યવસ્થા અખબારો, રાજકીય પક્ષો, સંસ્થાઓ અને સંપાદકીય ફિલ્ટરોમાંથી પસાર થતી હતી. નેતાને વિચારધારાની સ્પષ્ટતા, બ્યુરોક્રેટિક મશીનરી અને સિસ્ટમ સાથે કામ કરવાની ધીરજ જરૂરી હતી. રાજકારણ જનતા સુધી મધ્યસ્થીઓ દ્વારા નિસ્યંદિત, સંદર્ભિત અને થોડું મોડું પહોંચતું.

**પરફોર્મેટિવ પૉલિટિક્સ એક મજાનો શબ્દ છે. ઑપ્ટિક્સ હવે શાસનનો પૂરક ભાગ નથી, એ નેતાઓ માટે શાસનની મુખ્ય ક્રિયા બની ગઈ છે. આધુનિક રાજકારણ હવે મનોરંજન સાથે સ્પર્ધામાં ઉતર્યું છે અને તે મનોરંજનના સાધનોનો ઉપયોગ કરીને જ આ ખેલ ખેલે છે**

આ સીનમાં એક તબક્કે અલ્ગોરિધમની એન્ટ્રી થઈ. તેની સાથે સાવ જુદા જ પ્રકારની ટકાવારી પણ સીનમાં આવી. ડિજિટલ ઈકોસિસ્ટમ રાજકીય ક્ષમતાને સરપાવ નથી આપતી. ડિજિટલ ઈકોસિસ્ટમ ભાવનાઓને, લાગણીઓના ઉછાળને સરપાવ આપે છે. મૅલૉડી ચૉકલેટ આપણી લાગણી હતી. એક પેઢી માટે એ નોસ્ટાલ્જિયા હતો તો નવી પેઢી માટે એ હેશટેગ મૅલૉડીના ટ્રેન્ડનું એક્સાઈટમેન્ટ હતું. આ બધું બારીકીઓને એમ્પ્લીફાય નથી કરતું પણ નિશ્ચિતતાને એમ્પ્લિફાય કરે છે. ઈટલી અને ભારત વચ્ચેના વાટાઘાટો જિઓપૉલિટિક્સમાં રસ લેનારાઓને યાદ હશે પણ બાકીનાઓને યાદ રહ્યા હાવભાવ, એક ઉપનામ, એક તસવીર વગેરે; આ બધું એવો ખેલ છે જે સમજ પહેલાં તમારા ફોન થકી તમારા સુધી પહોંચી જાય અને સંદર્ભ ખોવાઈ જાય પછી પણ ટકી રહે.

આ પરિસ્થિતિમાં શાંત અને કાર્યક્ષમ ટેક્નોક્રેટ, ભલે તે કેટલા પણ સક્ષમ હોય, પાછળ પડી જાય છે. જરૂરી નથી કે તેમની વિચારધારા ખોટી હોય, પરંતુ તેમની હાજરી 'વૉલ્ટેજ' પેદા કરતી નથી. જે નેતાઓએ આ બાબત સૌથી ઝડપથી સમજી લીધી છે, તેઓ પરંપરાગત રાજકીય સ્પેક્ટ્રમના એક જ છેડે નથી. તેમને જોડવામાં વિચારધારાનો નહીં પણ પરંતુ ઈન્સ્ટિંક્ટનો ખેલ રમાય છે. કેમેરાને શું જોઈએ છે તેની લગભગ કોઈ પ્રાણી જેવી ચોક્કસ અને સાહજિક સમજ. ડૉનાલ્ડ ટ્રમ્પને લીધે રાજકારણમાં રેસલિંગ શરૂ થયું એમ કહી શકાય. પહેલેથી નક્કી કરેલો ગુસ્સો, અભ્યાસપૂર્વક કરાયેલો આક્રોશ અને એવા વિરોધીઓ જેમનાં ઉપનામ વ્યક્તિ કરતાં વધારે જાણીતા બની જાય. ટ્રમ્પની રેલીઓ ભાષણો નહોતી પણ લાઈવ ટેલિવિઝન હતી. ઘણીવાર નીતિઓ કોરાણે મૂકાતી અને પ્રદર્શન કેન્દ્ર સ્થાને લાગતું. આ નવી રાજનીતિનું સૌથી સ્પષ્ટ સ્વરૂપ હતું: પરિચિત, ગર્જે એવું અને એવું જેને અવગણવું અશક્ય બની જાય.

વોલોડીમિર ઝેલેન્સ્કીએ એ જ તર્કનો ઉપયોગ સાવ જૂદા હેતુ માટે કર્યો. એ તો પાછા સ્ટેન્ડ અપ કૉમેડિયન પણ હતા એટલે એમને માટે થિએટ્રિક્સ બહુ અઘરા નથી. ઑલિવ ગ્રીન ટી-શર્ટ પહેલીને કીવમાં બનાવેલા ઓછા પ્રકાશ વાળા સેલ્ફી વીડિયોઝ, દેશ છોડવાનો ઈન્કાર આ બધું કંઇ અચાનક નહોતું થયું. આ યુદ્ધ દરમિયાનના મેસેજિંગની વિચારપૂર્વક બનાવાયેલી વ્યૂહરચનાઓ હતી. ઝેલેન્સ્કીએ સમયસર સમજી લીધું કે ઑપ્ટિક્સ પણ સૈન્ય રણનીતિ બની શકે. દેશ ન છોડનાર રાષ્ટ્રપતિની છબી જ હથિયાર બની ગઈ. ધારણા જ મોરચો સંભાળી રહી હતી. કદાચ આધુનિક ઈતિહાસમાં પહેલીવાર કોઈ નેતાનું વિઝ્યુઅલ ગ્રામર એક સૈન્ય જેવું કામ કરી રહ્યું હતું.

ઈલોન મસ્કની વાત પણ કરવી પડે. એ ક્યારેય કોઈ ચૂંટાયેલ પદ પર હતા નહીં, સત્તાવાર રીતે કોઈ દેશ ચલાવતા નથી પણ તો ય ચૂંટણીની આખી પ્રક્રિયા પર તેનો પ્રભાવ રહ્યો. તે આખી મીડિયા ઈકોસિસ્ટમ જ ફરી ઘડી નાખે અને અડધી રાતે કરેલી પોસ્ટ્સથી જાહેર નીતિના ડાયલૉગ્ઝ પર તે પોતાની અસર છોડે છે. ઈલોન મસ્ક કંઈક નવી જ બાબતનું પ્રતિનિધિત્વ કરે છે. સેલિબ્રિટી, મૂડી અને રાજકીય સત્તા વચ્ચેની ભેદરેખા આમાં ભુંસાઈ ગઈ. તે રાજકીય સિસ્ટમમાં પ્રદર્શન નથી કરતા પણ તે પોતે જ એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બની ગયા જેના માધ્યમથી બીજાઓએ પ્રદર્શન કરવું પડે.

સ્ટેજ સાચવવામાં આખી ઈમારત ગાયબ થઈ ગઈ છે. નરેન્દ્ર મોદી, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલેઈ અને ઈમેન્યુઅલ મેક્રોન, દરેકે પોતાના આગવા અંદાજમાં આ મંચના નાટ્યને સંપૂર્ણ બનાવ્યું છે. અહીં અવાજ છે પણ તેમાં કંઈ નક્કર વાત નથી, આ એક યોજનાબદ્ધ સિનેમેટિક મૌન છે. કોઈ રેલીમાં એક ચેન સૉ હલાવાય અને તે નીતિનું સાધન નથી બનતી પણ મીમ બનીને વાયરલ થઇ જાય છે. એક ફિલોસોફર પ્રેસિડન્ટની તસવીર જેમાં બાંયો ચડાવેલી હોય, બુદ્ધિજીવી પ્રતીકો અને કોરિયોગ્રાફ કરાયેલી સત્તાનો ઉપયોગ થાય તો એ બધું કંઈ અચાનક, સંજોગોવશાત નથી થયું. આ બધું એવી રીતે ખડું કરાયું છે જે બે સેકન્ડમાં અસર કરે અને અલ્ગોરિધમના અટેન્શન સ્પૅનમાં જીવતું રહે.

આ પ્રક્રિયાને કારણે એવો મતદાર વર્ગ ખડો થાય જે શાસનને વિઝ્યુઅલ ગ્રામરથી માપે છે. નેતા ખરેખર નેતા જેવો લાગે છે, એવો છે કે નહીં એ નહીં, પણ એની ક્લિપ કેટલી ચાલી ગઈ, એના હાવભાવ કેવા હતા એ જ આ નવા મતદાર વર્ગ માટે અગત્યનું બની જાય છે.

### બાય ધી વે

21મી સદીનો સૌથી જોખમી રાજકીય ચહેરો કોન્ફીડન્સથી ખોટું બોલનારો નહીં હોય પણ એ હશે જેને સમજાયું હશે કે સત્ય જ માળખાકીય રીતે નબળું પડ્યું છે. સત્ય ધીમું છે, જુઠાણાંની અથવા તો ઉપરછલ્લી બાબતોની ઝડપ બહુ વધારે હોય છે. બોગસ વાતો જલ્દી વાયરલ થાય છે, એ રીતે તે ડિઝાઇન પણ કરી શકાય છે. સત્યને ચકાસણી, સંદર્ભ, નિષ્ણાતનો અભિપ્રાય અને સમય જોઈએ. આ બધું થાય ત્યા સુધીમાં દેખાડાયેલી ચીજો બહુ આગળ સુધી વિસ્તરી ગઇ હોય છે. ભાવનાત્મક નિષ્કર્ષ લોકોના મનમાં ગંઠાઇ ચૂક્યો હોય છે. અલ્ગોરિધમિક મીડિયાના સમયમાં ગતિ માત્ર ટેક્નિકલ ફાયદો નથી પણ રાજકીય સત્તા છે. આ કારણે જ કદાચ આધુનિક રાજકીય મેસેજિંગ હવે ઇન્ફ્લુએન્સર કલ્ચર જેવું લાગે છે. નેતાઓ પાસેથી માત્ર શાસન કરવાની અપેક્ષા નથી પણ તે સતત દેખાતા રહે, નવી પેઢીને ગમે એ રીતે તેમની સાથે જોડાતા રહે તેવી પણ અપેક્ષા છે. મૌનને નબળાઇ માનવામાં આવે છે, વિચારશીલ ગાંભીર્ય લોકોને અનિશ્ચિતતાની લાગણી આપે છે, કંઇપણ સહેજ જટિલ હોય તો તેનું પરફોર્મન્સ બરાબર નથી હોતું. જે નક્કર, ઠોસ, નિશ્ચિત લાગે, તે ખોટું હોય તો રાજકીય સ્તરે તે અફલાતુન પરફોર્મ કરે છે. સરકારો હવે નેરેટિવ મેનેજમેન્ટ પર સારી એવી શક્તિ વાપરે છે. કેમેરા ઍંગલ્સ, પ્રતીકાત્મક હાવભાવ, હેશટેગ્ઝ, વિઝ્યુઅલ ઓળખાણ, ઇમોશનલ ટાઇમિંગ આ બધું રાજકીય ઇકોસિસ્ટમનો ભાગ છે ને તે સંસ્થાકીય ક્ષમતાથી વધુ ઝડપી છે. નાટકીયતા રાજકારણનો હિસ્સો હંમેશાથી રહી છે પણ હવે અમુક કિસ્સાઓમાં તે રાજકારણનો વિકલ્પ બની રહી છે. આનો અર્થ એમ પણ નથી કે વિઝ્યુઅલી સ્કિલ્ડ હોય તેવા અને પરફોર્મેટિવ પોલિટિક્સ કરતા નેતા અયોગ્ય છે કે દરેક શાંત નેતા બુદ્ધિશાળી જ છે. એટલું ચોક્કસ છે કે શાસનના વાસ્તવિક પરિણામો દેખાય તે પહેલાં જાહેરમાં એક ધારણા ઘડી દેવાય છે. ચોક્સાઈથી તૈયાર કરેલા પોલીસી પેપર કરતાં કેમેરા સામે જે થયું હોય તે ચર્ચા પર કબ્જો જમાવી લે છે. આપણા સમયની સૌથી મોટી ચિંતા પણ એ જ છે, લોકશાહી માહિતગાર નાગિરકો માટે હતી અને ડિજિટલ પ્લેટફોર્મ્સ લાગણીઓમાં વહી એક્સાઇટ થતા યુઝર્સ માટે બન્યાં છે. આ બંને વાસ્તવિક્તાઓ વચ્ચેનું અંતર આજે આધુનિક રાજકારણનું સાચું સરનામું છે.

નીતિ નક્કી થાય, લાગુ થાય અને તેના પરિણામ આવે એમાં વર્ષો લાગે અને તેનું મૂલ્યાંકન કરવા ધીરજ જોઈ. ગણતરીના સેકન્ડ્ઝમાં લોકો સુધી પહોંચતા અને જેમાં કોઈ વિચારશીલતાની જરૂર નથી એવા મીમ અને વાયરલ કોન્ટેન્ટ સામે એ ધીરજ સ્પર્ધા નથી કરી શકતી, હારી જાય છે.

હવે મૂળ મુદ્દા પર આવીએ, ઘણીવાર નાર્સિસિઝમ કહીને નકારી દેવાય છે પણ આધુનિક નેતાઓનાં મૂલ્યોમાં દમ નથી એટલે એ લોકો આવું પ્રદર્શન કરે છે તેમ નથી. ઘણા નેતાઓને આવા ખેલ કરવા પડે છે કારણકે ધ્યાન ખેંચવાનું આખું તંત્ર જે ડિજિટાઈઝેશનને કારણે બદલાઈ ગયું છે તેની જ આ માંગ છે. એવા નેતા જે આવા સીન ખડા કરવાની ના પાડે, આખા વાક્યોમાં બોલે, અનિશ્ચિતતા સ્વીકારો, શાંતીથી શાસન કરે અને હેશટૅગ્ઝમાં નહીં મીમમાં વાત કરે એ વાયરલ થવામાં નિષ્ફળ થાય છે કે નહીં એ પછીની વાત છે પણ તે લોકોની ટૂંકી યાદશક્તિમાંથી જ અદ્રશ્ય થઇ જવાના જોખમમાં મુકાય છે.

વળી અટેન્શન ઈકોનોમીમાં અદ્રશ્ય થઇ જવું એ રાજકીય મોતનું એક સ્વરૂપ છે. જોખમ એ નથી કે નેતાઓ વાયરલ થવાના વાદે ચઢીને આવા દેખાડા કરે છે કારણકે આવા ખેલ તો ઈતિહાસના દરેક નેતાઓએ કર્યા છે. જો નરેન્દ્ર મોદીને માર્કેટિંગના માસ્ટર કહેવા હો તો તમારે એ યાદ રાખવું જોઈએ કે દાંડીકૂચ થઈ ત્યારે ગાંધીજીએ અમેરિકન પત્રકારોને બોલાવ્યા હતા. કૂચની જે તસવીરો આપણે જોઈએ છીએ તેમાંની કેટલા આગલા દિવસના રિહર્સલની તસવીરો છે. વિન્સ્ટન્ટ ચર્ચિલની વિ સાઈન હોય કે જ્હોન એફ કેનેડીનું ટેલિવિઝન પર સરળતાથી આવવું હોય - આ બધું જ અસર માટે કરાયું હતું. રાજકારણમાં પ્રદર્શન નવી બાબત નથી.

...અનુસંધાન પાના નં. 4 પર

# રાષ્ટ્રની વિભાવના: સંઘર્ષ સમજૂતી અને સ્થાપિત એજન્ડા

નો નોનસેન્સ
રમેશ ઓઝા

હવે સૌથી અગત્યની વાત. ભારતીય રાષ્ટ્ર વિશેની વિભાવના કે કલ્પના અલગ અલગ લોકોની અલગ અલગ ન હોઈ શકે? એમાં ખોટું શું છે? આમાં કશું જ ખોટું નથી. હકીકતમાં ભારતને આઝાદી મળી તેના સો-સવાસો સાલ પહેલેથી ભારતીય રાષ્ટ્રની વિભાવના વિષે ચર્ચા શરુ થઈ ગઈ હતી. એમાં દયાનંદ સરસ્વતી, બંકિમચંદ્ર ચેટરજી, કદાચ ભારતના પહેલા હિન્દુ રાષ્ટ્રવાદી કહી શકાય એ ભૂદેવ મુખોપાધ્યાય, અરવિંદ ઘોષ, લોકમાન્ય તિલક, લાલા લાજપત રાય, મદનમોહન માલવિય, એમ. આર. જયકર, કનૈયાલાલ મુનશી વગેરે અનેક લોકો હતા જેમની વિચારધારા અને રાજકારણના કેન્દ્રમાં હિન્દુ અને હિન્દુ સંસ્કુતિ હતાં. તેમણે તેમની વાત સ્પષ્ટ શબ્દોમાં કહી છે અને પોતાનાં સમકાલીનો સાથે બાખડ્યા છે. એ દરેક હિન્દુહિતને વરેલા હતા અને તેના પક્ષધર હતા. બીજી બાજુ મુસ્લિમ હિતનું જતન કરવા માગનારાઓએ, દલિત અને અન્ય શોષિત પ્રજાના હિતનું જતન કરવા માગનારાઓએ, પુરુષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓનાં હિતનું જતન કરવા માગનારાઓએ, ભૌગોલિક રીતે સીમાડાની પ્રજાઓના હિતનું જતન કરવા માગનારાઓએ, આદિવાસી પ્રજાના હિતોનું જતન કરવા માગનારાઓએ, દક્ષીણની ગૈરઆર્ય ગૈરહિન્દુ ભાષિક પ્રજાનાં હિતનું જતન કરવા માગનારાઓએ અને અન્ય લઘુમતી પ્રજાઓના હિતોનું જતન કરવા માગનારાઓએ પણ પોતપોતાની રાષ્ટ્ર વિશેની કલ્પના માંડી હતી. બીજી ગોળમેજ પરીષદમાં ૭૪ ભારતીયોએ ભાગ લીધો હતો જેમાં ૫૮ રાજકીય નેતાઓ હતા અને બાકીના જે તે હિતોના પક્ષધર હતા. તેમણે દરેકે પોતાની ક્પ્નાના હિન્દુસ્તાનની વાત કરી હતી. સ્નેકે એકબીજાની કલ્પનાના ભારતનો વત્તાઓછા પ્રમાણમાં છેદ ઉડાડ્યો હતો.

હિન્દુહિતના પક્ષધરો સામે બે સવાલ ઉઠાવવામાં આવ્યા હતા. પહેલો સવાલ ગૈર હિન્દુઓએ ઉઠાવ્યો હતો અને બીજો સવાલ ગૈર આર્ય ગૈર બ્રાહ્મણ હિન્દુઓએ ઉઠાવ્યો હતો. ગૈર હિન્દુઓને હિન્દુઓની બહુમતીનો ડર હતો. એવું ન બને કે સ્વતંત્ર ભારતમાં હિન્દુઓનું વર્ચસ્વ રહે, ગૈર હિન્દુઓએ ઓશિયાળા બનીને રહેવું પડે, તેમની સાથે અન્યાય કરવામાં આવે. હિન્દુઓમાં દલિતો, પછાતો, શોષિતો, આદિવાસીઓ, સીમાડાની પ્રજા, સ્ત્રીઓ અને દક્ષિણના દ્રવિડોને ભય હતો કે હિન્દુ સમાજ અને સંસ્કૃતિ ગમે એટલી મહાન હોય, વ્યવહારમાં સામાજિક સરસાઈ ધરાવનાર વ્યક્તિ નીચેવાળાને અન્યાય કરે છે અને તેને દૂર રાખે છે. બીજું હિન્દુ સંસ્કૃતિ મુખ્યત્વે બ્રાહ્મણી સન્સ્કૃતિ છે અને ભેદભાવ શાસ્ત્રમાન્ય છે. તેમણે માંગણી કરી હતી ભારતીય રાષ્ટ્ર એવું હોય જેમાં દરેક સરખા ભાગીદાર હોય, દરેકને સમાન અવસર મળે, દરેકને ન્યાય મળે, દરેકનું માનવીય ગૌરવ જળવાય, કોઈનું કોઈના પર વર્ચસ ન હોય અને તેની બંધારણ દ્વારા બાંયધરી આપવામાં આવે. હિન્દુ હિતના પક્ષધરોને સમજાઈ ગયું હતું કે દરેકને સાથે લેવામાં ભારતનું હિત છે. જ્યાં સંતુષ્ટ હિન્દુ કરતાં અસંતુષ્ટ હિન્દુ મોટી સંખ્યામાં હોય અને તેના અસંતોષનું કારણ કહેવાતો સંતુષ્ટ હિન્દુ હોય ત્યાં આગ્રહી બનવાનો કોઈ અર્થ નથી. એમાં કોઈ હિન્દુને લાભ થવાનો નથી.

**હવે સૌથી અગત્યની વાત. ભારતીય રાષ્ટ્ર વિશેની વિભાવના કે કલ્પના અલગ અલગ લોકોની અલગ અલગ ન હો શકે? એમાં ખોટું શું છે?**

એક સદી બાખડ્યા પછી દરેકે પોતપોતાની ભૂમિકા હળવી કરી હતી એક સર્વસંમતી વિકસાવી હતી જેનું નામ છે ભારતીય રાષ્ટ્ર અને તેનું પરિણામ છે બંધારણ આધારિત ભારતીય રાજ્ય. બંધારણસભામાંની ચર્ચા જોશો તો ખ્યાલ આવશે કે દરેકે બાંધછોડ કરી હતી. બંધારણ સભામાં ભારતીય જનસંઘના સ્થાપક અને પ્રથમ અધ્યક્ષ ડૉ શ્યામા પ્રસાદ મુખર્જી પણ હતા, તેઓ લઘુમતી કોમના અધિકારો નિશ્ચિત કરવા માટે ઘડાયેલી સમિતિના સભ્ય પણ હતા અને તેમણે સુદ્ધા લઘુમતી કોમના અધિકારોનો વિરોધ નહોતો કર્યો. એ સમયે તેમનો સંબન્ધ સંઘ સાથે નહોતો અને ભારતીય જનસંઘની હજુ રચના નહોતી થઈ. તેઓ કોંગ્રેસની સીટ પરથી બંધારણસભામાં ગયા હતા. મતભેદ છતાંય કોન્ગ્રસે હિન્દુ હિતના પક્ષધરને ખાસ એકોમોડેટ કર્યા હતા.

હવે સવાલ ઉપસ્થિત થાય છે કે હિન્દુહિતના પક્ષધરોએ પોતાની ભૂમિકા હળવી હતી તો એ તેમની દૂરંદેશી હતી કે શરણાગતી હતી?

એ દુરન્દેશી હતી. એક તો એ કે હિન્દુહિતની વાત કરતા અને તેને માટે કામ કરતાં તમને કોઈ રોકતું નથી. અરે તમે તમારા જ્ઞાતિહિતની વાત કરી શકો છે હિત માટે પ્રયત્ન કરી શકો છો. એ બંધારણીય અધિકાર છે અને એ પણ બાંયધરીવાળો અધિકાર છે. બીજું હિન્દુ સંસ્કુતિ સમૃદ્ધ કરવા માટે કે તેના પ્રચાર-પ્રસાર માટે શાસન અને સત્તાની કોઈ જરૂર નથી. એ પ્રજાકીય પુરુષાર્થ છે અને એમાં શાસન તમને રોકતું નથી. જગતમાં કોઈ જગ્યાએ કોઈ સંસ્કુતિ સત્તાધીશે નથી વિકસાવી, પ્રજાએ વિકસાવી છે. શાસક તો વધુમાં વધુ તેમાં મદદ કરી શકે. એક સમયે દેશમાં આધુનિક મિજાજનો જુવાળ પેદા થયો હતો તો એ એકલા નેહરુના કારણે નહોતો થયો. મેધાવીઓએ એ જુવાળ પેદા કર્યો હતો જેમાં નેહરુએ તો માત્ર મદદ કરી હતી. ઉલટું સત્તાકીય સરસાઈ માથાભારેપણું પેદા કરે જેની કિંમત બહુમતી પ્રજાએ જ ચૂકવવી પડે કારણ કે તે બહુમતીમાં છે. જો રાજ્ય તમને હિન્દુ બનતા, હિન્દુ હિતની વાત કરતા, હિન્દુ હિત માટે કામ કરતા, હિન્દુ તરીકે સંગઠીત થતાં, હિન્દુ પક્ષની રચના કરતા, હિન્દુ રાજકારણ કરતા, હિન્દુ શિક્ષણસંસ્થા સ્થાપતા, હિન્દુ સંસ્કુતિને સમૃદ્ધ કરતા ન રોકતું હોય તો પછી હિન્દુ તરીકે આનાથી વધારે જોઈએ છે શું? રાજકીય સરસાઈ અને સરસાઈજન્ય માથાભારેપણું? માથાભારેપણાથી મહાન હિન્દુ નથી થવાતું, સાચા હિન્દુ તરીકે જીવવાથી મહાન હિન્દુ બની શકાય છે. બંધારણસભામાં જે મતભેદ પેદા થયા હતા એ સેક્યુલરિઝમની વાતે નહોતા પેદા થયા એ હિન્દી ભાષાને લઈને પેદા થયા હતા, રાજ્યોને કેટલી સત્તા આપવી કે કેન્દ્રને વધારે મજબૂત કરવું જોઈએ એ બાબતે થયા હતા.

રાજ્ય પર કબજો કરવાના બે માર્ગ છે. એક છે લોકવિદ્રોહ અને બીજો છે લોકશાહી માર્ગે સત્તા પર કબજો કરીને ધીરે ધીરે રાજ્ય પર કબજો કરવો. ભારતમાં સામ્યવાદી પક્ષે ૧૯૪૭-૧૯૫૦નાં વર્ષોમાં પહેલો માર્ગ અપનાવવાની કોશિશ કરી હતી, પરંતુ તેમાં તેને સફળતા નહોતી મળી. જ્યાં રાજ્ય ક્ષતિગ્રસ્ત હોય અને નિષ્ફળ નીવડી રહ્યું હોય. શ્રીલંકા, બંગલાદેશ અને નેપાળમાં લોકોએ વિદ્રોહ કરીને રાજ્ય પર કબજો કર્યો હતો. ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે અનુક્રમે જર્મની અને ઈટલીના હિટલર અને મુસોલિનીનો માર્ગ અપનાવ્યો હતો. પહેલાં લોકશાહી માર્ગે સત્તા પર કબજો કરવો અને પછી ધીરે ધીરે રાજ્ય કબજે કરવું. આનો જવાબ પણ અઘરો નથી અને હવે તો સુજ્ઞ વાચકને તેનો અનુભવ થવા લાગ્યો હશે. રાજ્ય કબજે કરવું એટલે એ રાજ્યને પોષનારી સંસ્થાઓને કબજે કરવી.

સૌથી પહેલા ક્રમે આવે રાષ્ટ્ર વિશેની સર્વસ્વીકૃત પ્રસ્થાપિત થયેલી વિભાવના (નેરેટિવ)ને તોડવી. તે તેના પર પ્રહારો કરીને તોડી શકાય, તેને અમુક રીતે ઓળખાવીને તોડી શકાય, એ વિભાવનાને વાચા આપનારા વિદ્વાનો અને લોકનેતાઓને બદનામ કરીને તોડી શકાય, તેનો બચાવ કરનારાઓને બોલવા નહીં દઈને તોડી શકાય અને નિરર્થક ઘોંઘાટ કરીને તેમ જ જૂઠાણાં ફેલાવીને તોડી શકાય વગેરે વગેરે. આને માટે મીડિયા પર કબજો કરવો પડે, યુનિવર્સીટી અને અન્ય શિક્ષણ સંસ્થાઓ પર કબજો કરવો પડે, પાઠ્યપુસ્તકોને અને ખાસ કરીને ઈતિહાસને બદલવો પડે. દરેક જગ્યાએ એવા લોકોને ભરવા જે કાં તેમને માફક આવે એવી વાતો કરે અથવા તેમને જે માફક ન આવે એવું બોલનારાઓને બોલવા જ ન દે, પ્લેટફોર્મ જ ન આપે અથવા દેશપ્રેમ અને રાષ્ટ્રવાદનો ઘોંઘાટ કરે.

...અનુસંધાન પાના નં. 4 પર

સિલી પોઇંટ
પ્રાની.

